# મુદ્દા નં.૧૩

**-: તેણે આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો :-**

રાજય સરકારનો વહિવટ લોકાભિમુખ રીતે ચાલે અને લોકોના કામો સરળતાથી તેમજ સ્થાનિક રીતે થઈ જાય તે માટે સરકારશ્રી દ્વારા પ્રાંત કચેરીઓની રચના કરવામાં આવેલ છે. જે મુજબ છોટાઉદેપુર જિલ્લામાં બે પ્રાંત નીચેની વિગતે રચાયેલ છે.

| ક્રમ | પ્રાંતનું મુખ્ય મથક | પ્રાંતમાં સમાવિષ્ટ થતા તાલુકા |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી, છોટાઉદેપુર | કવાંટ, જેતપુર-પાવી, છોટાઉદેપુર |
| ૨ | પ્રાંત અધિકારીશ્રી, બોડેલી | સંખેડા, બોડેલી, નસવાડી |

ઉપરોકત અધિકારીઓને જિલ્લા કક્ષાએ થતી કામગીરી પૈકી નીચે જણાવેલ કામગીરીના અધિકારો આપવામાં આવેલા છે.

૧. સ્ટેમ્પ વેન્ડરના લાયસન્સ આપવાની તથા રિન્યુ કરવાની તેમજ લાયસન્સ અંગેની આનુસંગિક કાર્યવાહી અંગેના અધિકાર સંબંધિત પ્રાંત અધિકારીશ્રીઓને આપવામાં આવેલ છે.

૨. પીટીશન રાઇટરના લાયસન્સ આપવા, રિન્યુ કરવા તથા લાયસન્સ અંગેની આનુસંગિક કાર્યવાહી અંગેના અધિકાર સંબંધિત પ્રાંત અધિકારીશ્રીઓને આપવામાં આવેલ છે.

૩. રૂા. ૧ લાખ સુધીની કિંમતના સ્ટેમ્પ રીફંડ અંગેના અધિકાર સંબંધિત પ્રાંત અધિકારીશ્રીઓને આપવામાં આવેલા છે.

ઉપરની વિગતે તાબાના અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવેલ હોવાથી ગ્રામ્ય વિસ્તારના લોકોના કામો નજીકના અંતરેથી અને સરળતાથી તેમજ ઝડપથી થઈ શકે છે.